ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી



## સંક્ષિપ્ત સમાચાર

### અતુલ ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત આંગણવાડીઓનું લોકાર્પણ



વલસાડ : સામાજીક કાર્યોમાં અગ્રેસર સંસ્થા અતુલ ફાઉન્ડેશન દ્વારા વલસાડ જિલ્લાનાં કાંજણહરીમાં બે અને જૂજવા ગામમાં એક એમ કુલ 3 આંગણવાડીઓનું નવીનીકરણ કરી ધરમપુરના ધારાસભ્ય અરવિંદ પટેલ અને વલસાડ જિ.પં.પ્રમુખ મનહર પટેલના હસ્તે લોકાર્પણ કરાયું હતું. જેમાં અતુલ કંપનીનાં જનરલ મેનેજર ગૌતમ દેસાઇ તથા અન્ય અધિકારીઓ, બંને ગામના સરપંચો, ગામના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. અતુલ ફાઉન્ડેશન દ્વારા આંગણવાડીનાં નવીનીકરણનું કાર્ય પૂર્ણ થતા આજરોજ તેનું લોકાર્પણ કરાયું હતું. જે બદલ ગામનાં સરપંચ દ્વારા ગ્રામજનો વતી અતુલ ફાઉન્ડેશન અને મદદરૂપ થનાર અન્ય સૌનો આભાર માનવામાં આવ્યો હતો.

### ગરબા શાંતિથી રમાય અને કોઇ પણ પ્રશ્ન ઉપસ્થિત ન થાય તેની જવાબદારી આયોજકોની




બીલીમોરા : ગણદેવી પોલીસે નવરાત્રી ઉત્સવ પ્રસંગે સર્કિટ હાઉસ ખાતે વિવિધ મંડળો અને અગ્રણીઓ સાથે બેઠક યોજી હતી. ગણદેવી તાલુકા આનાવિલ મંડળ સહીત શહેરમાં ઠેર ઠેર શેરી ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગણદેવીના પોસઇ રાઠોડે માહિતી આપતાં જણાવ્યું કે ગણેશ ઉત્સવ અને મોહરમની ઉજવણી શાંતિથી થઇ છે તે જ રીતે નવરાત્રીના નવ દિવસ પણ ખૂબ શાંતિથી પસાર થાય તેવી અપેક્ષા રાખી ઉમેર્યું કે ટ્રાફિકની કાળજી આયોજકે રાખવી પડશે. મોડે સુધી રમાતા ગરબા શાંતિથી રમાય અને કોઇ પણ પ્રશ્ન ઉપસ્થિત ન થાય તેની જવાબદારી આયોજકોની રહેશે. જેમાં પોલીસનો સાથ તો મળશે. ગરબા સ્થળે હેલ્પ ડેસ્ક પણ પોલીસ દ્વારા રાખવામાં આવશે એવુ કહી કોઇને લાઉડ સ્પીકરથી પરેશાની ન થાય તેની કાળજી રાખવી. બેઠકમાં ગણદેવી પાલિકાના માજી પ્રમુખ પ્રાણલાલ પટેલ, શહેર ભાજપ પ્રમુખ રાજુભાઇ, નિલેશ ઘોસલે, રાજુભાઇ ધીમમર, અનાવિલ સમાજના બંટી ભાઇ, શહેરના મુસ્લિમ આગેવાનોએ સહકારની પોલીસને ખાત્રી આપી હતી.

### ગણદેવી તાલુકા અનાવિલ સમાજનો નવરાત્રી પર્વ 2024 ઉજવાશે



ગણદેવી : નવલી નોરતાનો ગુરુવારે પ્રારંભ થઇ રહ્યો છે ત્યારે ગણદેવી તાલુકા અનાવિલ મંડળ દ્વારા સતત 19'માં વર્ષે સમાજના સાંસ્કૃતિક ભવન સ્થિત લલીતા પાર્ટી પ્લોટમાં જાજરમાન આયોજન કરાયું છે. જેની મંગળવાર સાંજે પ્રેસ કોન્ફરન્સમાં માહિતી પ્રદાન કરી હતી. નવરાત્રી ઉત્સવ માટે તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. શ્રી ગણદેવી તાલુકા અનાવિલ સમાજ વીઆર ઇવેન્ટ્સ કાજલ નાયકના વૃંદને સથવારે આદ્યશક્તિની નવરાત્રી આરાધના પર્વ ઉજવશે. જેમાં અનાવિલ સમાજની પરંપરાને જીવંત રાખતા ખેલૈયાઓ ગરબે ઝૂમશે. ગણદેવી અનાવિલ સમાજ ખેલૈયાઓ માટે વિવિધ વેશભૂષા, બેસ્ટ એકશન વિથ ડ્રેસ અને આરતી શૃંગાર જેવી સ્પર્ધા પણ આકર્ષણ જમાવે છે. ગણદેવી તાલુકા અનાવિલ મંડળના પ્રમુખ અલ્પેશ નાયક, મંત્રી આશિષ દેસાઇ ઉર્ફે બંટી, ઉપપ્રમુખ મેહુલ નાયક, સહ મંત્રી નિશિત નાયક અને ખજાનચી હેમલ દેસાઈની ટીમ ગરબા મહોત્સવ ૨૦૨૪ને યાદગાર બનાવવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

### ચીખલી પોલીસ મથકે પીઆઇના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠક યોજાઇ




ઘેજ : ચીખલી પોલીસ મથકે પીઆઇના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠક યોજાઇ હતી. ચીખલીના પીઆઇ-કે.એચ.ચૌધરીની ઉપસ્થિતિમાં ચીખલી પોલીસ સ્ટેશન ખાતે પીએસઆઇ-સમીર કડીવાલા ઉપરાંત વિશ્વ હિન્દુ પરિષદ હર્ષદ પંડ્યા, હિતેશ પટેલ, મહેશ નંદાનીયા, આરએસએસના ભરતભાઇ કાપડિયા, ગરબા આયોજકો, મુસ્લિમ સમાજના રફીકભાઇ શેખ, મકબુલભાઇ, મહમદ યુસુફ, નઝીરભાઇ સહિતનાની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં પીઆઇએ નવરાત્રી દરમ્યાન કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસને સહકાર આપવા જણાવી નવરાત્રી દરમ્યાન કોઇ પણ જાતના હથિયાર ન રાખવા અને અસામાજિક તત્વો દ્વારા કોઇ જાતનો વાદ વિવાદ કરી કાયદો હાથમાં લેશે તો તેઓની સામે કડક કાર્યવાહીની ચીમકી ઉચ્ચારી હતી.

### વાપીની કેબીએસ કોલેજમાં રક્તદાન શિબિર યોજાઇ



વાપી : વાપીના ચણોદની કેશવજી ભારમલ સુમારિયા કોલેજમાં લાયન્સ ઇન્ટરનેશનલ, લાયન્સ ક્લબ ઓફ વાપી ઉદ્યોગનગર અને કોલેજના NSS યુનિટના સહયોગથી Be a Hero- Be a Donor સૂત્ર હેઠળ રક્તદાન શિબિરનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૨ યુનિટ રક્ત એકત્રિત કરીને કેમ્પને પ્રભાવશાળી પ્રતિસાદ મળ્યો હતો. શિબિરના પ્રોજેક્ટનું સંકલન Ln પ્રવિણા શાહ (પ્રમુખ) અને Ln હેમલતા મારબલ્લી (સચિવ), Ln કમલેશ પટેલ અને Ln કેતન જોષી (કમિટી ચેરપર્સન) ના સહકાર દ્વારા કરવામાં આવ્યું હતું. શિબિરનું સંચાલન ડો.ખુશ્બુ દેસાઇ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર શિબિર સફળ રહેતા કોલેજના પ્રિન્સિપાલ ડો. પૂનમ ચૌહાણે અને ટ્રસ્ટી ગણે દાતાઓનો તેમજ આયોજકોનો આભાર વ્યક્ત કરી, અભિનંદન પાઠવ્યા હતા.

### વલસાડ ખાતે યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં નવ્યા ટેલર જિલ્લા કક્ષાએ પ્રથમ



સુરત : ગરવી ગુજરાત થીમ આધારિત કલા ઉત્સવ અંતર્ગત શિક્ષિકા મિતાલી પટેલના માર્ગદર્શન હેઠળ ચિત્ર સ્પર્ધા, બાળ કવિ, સંગીત (ગાયન વાદન) જેવી સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં પ્રાથમિક શાળા બાપ્સ સ્વામીનારાયણ વિદ્યામંદિર (અગ્રેજી માધ્યમ) ગર્લ્સ, તાલુકો અને જિલ્લો-વલસાડ ખાતે યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં નવ્યા ઉમેશકુમાર ટેલરે એ ભાગ લઇ ચિત્ર સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા થયેલા છે.

## વાપી જીઆઈડીસીમાં વાહનની ટક્કરે બાઈક ચાલકનું મોત

વાપી : વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, બલીઠા હનુમાનજી મંદિર પાસે આવેલી ચાલીમાં રફીક દુદા દામા (ઉં.આ.23) રહે છે. તેનો મોટો ભાઈ કમલેશ (ઉં.32) મકાન બાંધકામનો કોન્ટ્રાક્ટ રાખે છે. વાપી જીઆઈડીસી ડુંગરી ફળિયામાં બાંધકામ અને સ્લેબ ભરવાનું કામકાજ ચાલતું હતું. તેનો ભાઈ કમલેશ રૂમ પર જવા માટે બાઈક લઈને રાત્રીના દશેક વાગ્યાની આસપાસ નીકળ્યો હતો. તે વાપી જીઆઈડીસી, સેકેન્ડ ફેઝ સરદાર ચોક પાસેથી પસાર થતો હતો, તે સમયે કોઈક વાહનની ટક્કર લાગતા અકસ્માતમાં તે ઈજાગ્રસ્ત થતા તેને હોસ્પિટલ ખસેડ્યો હતો. ગંભીર ઈજાને કારણે તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ બનાવ અંગેની ફરિયાદ રફીક દામાએ વાપી ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશનમાં કરી હતી.

# વલસાડમાં 10 કરોડનું બજેટ મંજુર છતાં બ્રિજ બન્યો જ નહીં

**મોગરાવાડી** અને અબ્રામાના રહીશોએ મોટી સંખ્યામાં કલેક્ટર કચેરી પહોંચી આવેદનપત્ર પાઠવ્યું

**મોગરાવાડીને** વલસાડથી જોડતા રેલવે ગરનાળામાંથી પાસ થવું સાત કોઠા વિંધવા જેવું



વલસાડ : વલસાડનો મોગરાવાડી વિસ્તાર વસ્તીમાં એક બીજા શહેર જેવું બની ગયું છે. મોગરાવાડીને વલસાડથી જોડતા રેલવે અન્ડરપાસ (ગરનાળા) છે. જ્યાંથી પાસ થવું સાત કોઠા વિંધવા જેવું છે. ત્યારે વલસાડ મોગરાવાડીને જોડતો બ્રિજ બનાવવાની માંગ ઘણા સમયથી ઉઠી રહી છે. જેના માટે વર્ષ 2015-16માં નગર પાલિકાએ રૂપિયા 10 કરોડનું બજેટ પણ પાસ કર્યું હતુ, પરંતુ ત્યારબાદ તેમાં કોઈ પ્રગતિ થઈ શકી ન હતી અને બ્રિજનો પ્રોજેક્ટ શરૂ જ થયો ન હતો. હાલ મોગરાવાડીના લોકોની તકલીફ ખૂબ વધી જતાં ત્યાંના સ્થાનિકોએ મોટી સંખ્યામાં આ બ્રિજ બનાવવા કલેક્ટરને રજૂઆત કરી હતી. આ સિવાય તેમના દ્વારા નાણામંત્રી કનુભાઇ દેસાઈને પણ લેખિત રજૂઆત કરાઈ છે.

વલસાડ અને મોગરાવાડીને રેલવે ટ્રેક જુદા પાડી રહી છે. આ રેલવે ટ્રેકના કારણે ઘણી વખત મોગરાવાડીનો વલસાડ સાથે સીધો સંપર્ક તૂટી જતો હોય છે. ચોમાસામાં આ રેલવે ટ્રેક નીચેથી જતા ગરનાળાના માર્ગમાં પાણી ભરાઈ જતા હોય છે. આવી જ હાલત પારડી સાંઢપોર વિસ્તારની પણ છે. ત્યારે આ રેલવે ટ્રેક પર એક ફૂટ ઓવરબ્રિજ બને એ ખૂબ જરૂરી બન્યું છે. મોગરાવાડીની વસ્તી દિવસે ને દિવસે વધી રહી છે. ત્યારે તેમની સુગમતાના કારણે વલસાડ રેલવે ટ્રેક પર મોટો ઓવરબ્રિજ ન બને તો કંઈ નહી, પરંતુ દ્વિચક્રી વાહનો અવર જવર કરી શકે અને લોકો ચાલતા જઈ શકે એવો બ્રિજ બને એવી મોટી માંગણી ઉઠી છે. જેના માટે આજરોજ માજી વિરોધપક્ષના નેતા ગિરીષ દેસાઈ, અપક્ષ સભ્ય ઝાકિર પઠાણ સહિતના લોકોએ આજે કલેક્ટર કચેરીમાં પહોંચી એક આવેદનપત્ર પાઠવ્યું હતુ. જેમાં તેમણે આ બ્રિજ બનાવવાની માંગણી કરી હતી.

### રોજના પાંચ હજારથી વધુ વિદ્યાર્થીઓની અવરજવર

વલસાડના મોગરાવાડી અને પારડી સાંઢપોર ગામમાંથી વલસાડમાં રોજના 5 હજાર જેટલા વિદ્યાર્થીઓ અવર જવર કરે છે. ચોમાસા દરમિયાન તેમની હાલત કફોડી બની જાય છે. આ સિવાય આ વિસ્તારમાં 70 ટકા લોકો ગરીબ કારીગરો છે. જેમાં કડિયા, સુથાર, શાકભાજીના ફેરિયાઓ તેમજ અન્ય નાના મોટા વેપારીઓ અહીં રહે છે. તેમની રોજી રોટી વલસાડમાં છે અને વલસાડના લોકો પણ તેમના પર પોતાની સેવાનો આધાર રાખે છે. ત્યારે અહીં બ્રિજ બને તો બંને તરફના લોકોને મોટો ફાયદો થઇ શકે છે.

### મોગરાવાડીના રહિશોની હાલત બગડી જશે

વલસાડમાં રેલવે દ્વારા રેલવે ગોદીની નજીક ગોદીમાં માલ સામાન લઇ જવા માટે નવી લાઇન નાખવાની તેમજ ટ્રકોની અવર-જવર માટે ગરનાળા નજીક 410 ફૂટ લાંબો રેમ્બ બનાવવાની કવાયત હાથ ધરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ રેમ્બ બની ગયા બાદ મોગરાવાડીમાં રહેતા લોકોની હાલત વધુ કફોડી થઇ જશે. જેના માટે રેલવે ક્રોસિંગ પર ગરનાળા પાસે નહી તો અન્ય કોઇપણ યોગ્ય સ્થળે રેલવે ફૂટ ઓવરબ્રિજ બનાવવો અત્યંત જરૂરી બન્યો હોવાની રજૂઆત કરી રહ્યા છે.

# ઉમરગામ નોટિફાઈડ એરીયા બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચનાથી ઉદ્યોગપતિઓ ખુશ

**ઉદ્યોગપતિઓની** વર્ષો જૂની માંગણી સંતોષાતા ખુશીની લાગણી જોવા મળી

ઉમરગામ: ઉમરગામ નોટિફાઈડ એરીયા બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના થતાં ઉદ્યોગપતિઓની વર્ષો જૂની માંગણી સંતોષાતા ખુશીની લાગણી જોવા મળી હતી.

ઉમરગામ જીઆઈડીસી ઔદ્યોગિક વસાહતમાં 1200 થી વધારે નાની મોટી કંપનીઓ આવેલી છે. ઉપરાંત કોલોની વસાહત છે. ઉમરગામ યુઆઈએ તથા અહીંના ઉદ્યોગપતિ દ્વારા લાંબા સમયથી બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના કરવા માંગણી કરવામાં આવી રહી હતી. આખરે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા ઉમરગામ નોટિફાઈડ એરિયાનું મેનેજમેન્ટ બોર્ડની રચના કરવામાં આવી છે, જેમાં કુલ આઠ જણાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉમરગામ મેનેજમેન્ટ બોર્ડના સભ્યોમાં નરેશભાઈ બાંથિયા (પ્રમુખ, ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન), તાહેર વોહરા (સેક્રેટરી, ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન), પ્રવીણભાઈ જૈન (યુઆઈએ એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર, ઉદ્યોગપતિ ઉમરગામ), જીગ્નેશભાઈ ઈશ્વરભાઈ બારી (માજી પ્રમુખ, યુઆઈએ, ઉદ્યોગપતિ ઉમરગામ ), પ્રશાંત થમન (યુઆઈએ એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર, ઉદ્યોગપતિ ઉમરગામ), પ્રાદેશિક પ્રબંધક જીઆઈડીસી વાપી, કાર્યપાલક ઈજનેર જીઆઈડીસી વાપી, અને નાયબ કાર્યપાલક ઈજનેર /મુખ્ય અધિકારી જીઆઈડીસી ઉમરગામનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### આગામી બેઠકમાં ચેરમેન સહિત હોદ્દેદારોની નિમણૂક કરાશે

ઉમરગામ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રેસિડેન્ટ નરેશભાઇ બાંથિયાએ 'ગુજરાતમિત્ર' સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે ઉમરગામના ઉદ્યોગપતિઓની વર્ષો જૂની માંગણી સંતોષાતા અમે ખૂબ જ ખુશી વ્યક્ત કરીએ છીએ. ખાસ કરીને ડગલેને પગલે સહકાર આપનાર ગુજરાત સરકારના નાણામંત્રી કનુભાઇ દેસાઇનો અમો ખૂબ ખૂબ આભાર માનીએ છે. તેમના સતત પ્રયાસોના કારણે આ શક્ય બન્યું છે. આગામી દિવસોમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠક મળશે અને ચેરમેન સહિત હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવશે. ઉમરગામ કોલોની વસાહતમાંથી પણ એક મેમ્બરનો સમાવેશ કરવામાં આવશે.

# હવે રસ્તાના ખાડા કેવી રીતે પુરાશે, આજથી ક્વોરી ઉદ્યોગ અચોક્કસ મુદ્દત માટે બંધ

**હજારો** મજૂરો, ટ્રક માલિકો, ક્વોરી ઉદ્યોગ સંલગ્ન રોજગારી ઉપર સીધી અસર થશે

વલસાડ : ગુજરાતમા મહત્તમ લીઝના એ.ટી.આર. લોક કરવા સાથે અન્ય નાના મોટા કારણો દર્શાવી રોયલ્ટી પેપર આપવાના બંધ કરવા સહિતના મુદ્દે ગુજરાત બ્લેક સ્ટોન ક્વોરી ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશન દ્વારા અપાયેલા આદેશ અનુસાર 2 ઓક્ટોબરથી ક્વોરી ઉદ્યોગ બંધ રહેશે. વલસાડ જિલ્લાની તમામ ક્વોરી પણ બંધ રહેશે. સરકાર દ્વારા તેમના મુદ્દાઓ નહીં ઉકેલાતાં એસો. દ્વારા આ નિર્ણય લેવાયો છે. ઇસીના કારણે ગુજરાતમાં મોટા ભાગની લિઝના એ.ટી.આર લોક કરી દેવાયા છે, સાથે અન્ય કારણો દર્શાવી રોયલ્ટી પેપર આપવાનું બંધ કરાયું છે. અગાઉ 16.5.2022ના રોજ સરકારે લેખિત સમાધાન કરી આપ્યું હતું, જેના તમામ મુદ્દાઓ હજુ જેમના તેમ છે, ઉપરાંત જીપીએસ જેવી નવી સિસ્ટમનો અમલ કરાવવામાં આવી રહ્યો છે. આ બધા પ્રશ્નો મુદ્દે ત્રણ મહિના અગાઉ લેખિતમાં સરકારને રજૂઆત થઈ હતી. જોકે કોઈ નિરાકરણ આવ્યું નથી. જેના પગલે અગાઉ વ્યારા ખાતે એસો.ની મળેલી બેઠકમાં જો 2 ઓક્ટોબર સુધી કોઈ નિરાકરણ ન આવશે, તો અચોક્કસ મુદ્દત સુધી ક્વોરી ઉદ્યોગ બંધ કરવાની ફરજ પડશે તેમ સર્વાનુમતે ઠરાવ કરાયો હતો.

## વઘઇ પોલીસ સ્ટેશનનો પ્રોહી. નો વોન્ટેડ આરોપી પકડાયો



સાપુતારા : પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ (IPS) સુરત વિભાગ દ્વારા ફરાર આરોપીઓને પકડવા સુચના આપતા, ડાંગ જિલ્લાનાં ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક એસ.જી. પાટીલની સુચના અને માર્ગદર્શન હેઠળ, આહવા લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.જે.નિરંજન, તથા ટીમે પેટ્રોલિંગ હાથ ધર્યું હતુ. જેના અનુસંધાને પોલીસને બાતમી મળતા 2024ના પ્રોહીબિશનનાં ગુન્હામાં નાસતો ફરતો વોન્ટેડ આરોપી અજય ઉર્ફે બંમ્બો સાવળભાઈ રાઉત, (રહે. હનવતમાળ, રાઉત ફળીયુ) વઘઈ સાપુતારા રોડ ઉપર ગીરાધોધ ફાટક પાસે બેસેલો હોવાની બાતમી મળતા, ગીરાધોધ પાસે જઈ લોકલ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડ્યો હતો. આ કામગીરીમાં આહવા-ડાંગ લોકલ ક્રાઈમ બ્રાન્ચ ટીમના પોલીસ અધિકારી/પોલીસ કર્મચારીઓ કે.જે.નિરંજન, એ.એસ.આઇ. પ્રમોદભાઇ ગનસુભાઈ નિવર, એ.એસ.આઈ. રમેશભાઈ બાળુભાઈ, અ.હે.કો. લક્ષ્મણભાઇ જયવનભાઈ ગવળી દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી.

### ઉમરગામમાં 15 વર્ષિય કિશોરીનું અપહરણ કરનારના જામીન નામંજૂર

વલસાડ : ઉમરગામમાં દેહરીથી એક 15 વર્ષની કિશોરીનું અપહરણ કરનાર યુવકની ધરપકડ કરી હતી. તેણે કસ્ટડીમાંથી મુક્ત થવા વાપીની કોર્ટમાં અરજી કરી હતી. જેની સૂનાવણી હાથ ધરાતા જજ ટી.વી.આહુજાએ ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો. ઉમરગામના દહેરી ગામે રહેતો મયંક ઈશ્વર પટેલ તેના જ ગામમાં રહેતી એક 15 વર્ષની કિશોરીને લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો. જેના વિરૂદ્ધ કિશોરીની માતાએ પોલીસ ફરિયાદ કરી હતી. જેના પગલે ઉમરગામ પોલીસે મયંકની ધરપકડ કરી તેને જ્યુડિશ્યલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. ત્યાંથી મુક્ત થવા મયંકે કરેલી જામીન અરજી જજે નામંજૂર કરી છે.

